# ઓસ્ટ્રેલિયામાં બાળકો અને વાલીઓ

છેલ્લા એક અઠવાડિયાથી મેલબર્ન-ઓસ્ટ્રેલિયામાં રહીને વિદેશની સંસ્કૃતિ, રીતભાત, લોકોની વર્તન તરાહ, ભૌતિક બાબતો જોવાની સાથે માણવાનો અને સમજવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે. તેમાં પણ રસ્તા પર જ્યારે વિદ્યાર્થીઓને જોવાનો લ્હાવો મળે છે, ત્યારે પગ અને મન એક ચોક્કસ જગ્યાએ સ્થિર થઇ જાય છે. વિદ્યાર્થીઓને રસ્તા પર ચાલતા જોવામાં આમ તો નવું કશું જ નથી, પણ તેમનું તેમનામાં મશૂગલ થવું તે ખૂબ જ ગમી જાય છે. જો કે આ તક ભારતમાં ગુજરાતમાં રહીને પણ માણવા મળે જ છે. કોઇ વિદ્યાર્થી રસ્તા પર  મિત્રો સાથે કે એકલો ચાલતો હોય તે દ્રશ્ય જ આનંદદાયી, વિસ્મરણીય અને ચિંતનશીલ હોય છે. પછી તે વિદ્યાર્થી ભારતનો હોય કે ઓસ્ટ્રેલિયાનો કે કેનેડાનો કે પાકિસ્તાનનો જ કેમ ન હોય. કારણ કે, તે વિદ્યાર્થી એક બાળક હોય છે અને બાળકમાં રહેલી સહજજન્યવૃત્તિ તે પ્રદર્શિત કર્યા વગર રહી શકતો નથી. મિત્રો સાથે હસી મજાક કે મોજ મસ્તી કરતાં કરતાં રોડ પર પડેલા પથ્થરને પગ વડે ઠેબે મારતા મારતા ક્યારેક દોડવું કે ક્યારેક કૂદકા મારવા કે ક્યારેક મિત્ર સાથે અવળચંડાઇ કરવી વગેરે સાહજિક બાબતો જ બાળકને બાળક બનાવે છે. જે તન અને મન મૂકીને માણવું લાગણીશૂન્ય વ્યક્તિને જ ન ગમે.

અહીં મેલબર્નમાં રસ્તા પર ફરતાં કે વાહનોમાં જતાં એક બાબતની ખાસ નોંધ લેવાઇ કે, સ્કૂલ પાસે રોડ પર બોર્ડ હોય જ કે, આગળ સ્કૂલ છે. જેનો અર્થ એવો થાય કે સામાન્ય ઝડપ કરતાં વીસ કિમી ઓછી ઝડપે વાહન ચલાવવું. જોકે આવા બોર્ડ ભારતમાં પણ સ્કૂલ-કોલેજ પાસે જોવા મળે છે. પણ અહીંની જે વિશેષતા જોવા મળી તે એ હતી કે, વાહનચાલક તે બોર્ડને અચૂકપણે વાંચે છે અને તેની નોંધ લઇને પોતાનું વાહન ધીમે ચલાવે જ છે. તેઓ અવશ્યપણે નોંધ લે જ છે કે, સ્કૂલ છે વાહન ધીમે ચલાવવુ જોઇએ. કદાચ મોટાભાગના વાહનચાલકો મનમાં નોંધ લેતા જ નહીં હોય પણ તેમનો પગ આપોઆપ એક્સિલેટર છોડીને બ્રેક પર જતો રહેતો હશે. આ બાબત તેમના લોહીમાં વણાઇ ગઇ છે. જે વાહનચાલકો કે લોકોની બાળક પ્રત્યેની વફાદારી અને નિયમો માટેની નિષ્ઠા બતાવે છે. પણ આમ કરતાં જે ચૂકે કે કાયદાનો ભંગ કરે તેને અન્ય ગૂના કરતાં વધારે ગંભીર ગણીને મોટી સજા કરવામાં આવે છે. જે આપણા દેશમાં ખૂબ જ ઓછું જોવા મળે છે.

અહીં ઓસ્ટ્રેલિયામાં લોકો પોતાના બાળક પ્રત્યે વધુ સજાગ જોવા મળ્યા. પણ આ સજાગતા જ્યાં સુધી તેમનું બાળક અઢારવર્ષ કરતાં નાનું હોય છે ત્યાં સુધી જ જોવા મળે છે. તે બાળક જ્યારે અઢાર વર્ષ પસાર કરે છે ત્યારે મોટાભાગના વાલીઓ પોતાના બાળકને વધુ સ્વતંત્રતા આપી દે છે. આ સ્વતંત્રતા જ કેટલાક યુવાનોને ગુંડાગીરી કરતાં શીખવે છે. જેનું બીજું કારણ અહીંનો એક કાયદો પણ લાગે છે. જો કે એ કાયદાની સિક્કાની જેમ બીજી બે બાબત પણ છે. કાયદો એવો છે કે, અહીંના સિટીઝન યુવાનોને જો કોઇ કામ ધંધો ન કરતા હોય તો સરકાર તેમને ચોક્કસ પ્રકારની તાલીમ આપે છે, તેમના માટે નોકરી શોધે છે અને છતાં પણ નોકરી ન મળે તો ભરણપોષણ કરવા માટે ચોક્કસ પ્રમાણમાં આર્થિક સહાય નિયમિત કરે છે. જેથી સારી બાબત એ ગણી શકાય કે,  રોજી નહીં મળવાને કારણે કોઇ વ્યક્તિ ભૂખે સૂઇ ન જાય  અને રોટી મેળવવા કોઇ ખરાબ બિનકાયદાકીય કામ ન કરે. તો તેની બીજી નકારાત્મક બાબત એ પણ છે કે, કામધંધો કર્યા વગર ચોક્કસ સમય ગાળે મળતી સરકારી સહાય વ્યક્તિને આળસુ બનાવી દે છે અને પોતાના મોજશોખ સંતોષવા તે અન્ય બિનકાયદાકીય વર્તનો કરવા લાગે છે. તમે સમાચારપત્રોમાં વાંચતા

હશો કે, ઓસ્ટ્રેલિયામાં વિદ્યાર્થીઓ પર હૂમલાની ઘટના કે ચોરીલૂંટફાટની ઘટના. તો મારી દ્દષ્ટિએ કાયદાથી વિપરિત કામ કરનાર પેલા યુવાનો કે જે સરકારી સહાયથી જીવી રહ્યા છે તેઓમાંથી જ કેટલાક યુવાનો હશે. છતાં અહીંની સરકાર વધુ માનવતાવાદી અને પોતાના નાગરિકો પ્રત્યે ઉદાર હોવાથી નોકરીધંધો ન કરનારને દર મહિને ચોક્કસ રકમની સહાય કરે છે. અરે, વૃદ્ધ હોય તો તેને પણ દર મહિને ચોક્કસ રકમનું પેન્શન પણ આપે છે. આ થઇ સિકકાની બંને બાજુ.

અહીંના વાલીઓમાં એક વિશેષતા એ જોવા મળી કે, તેઓ બાળકને નાનપણથી જ ચોક્કસ સમસ્કાર, સુટેવો પાડવામાં માને છે. નાના બાળકને ખૂબ જ સાચવે છે. આવા દ્દશ્યો માત્ર રસ્તા પર જ નહીં રેસ્ટોરન્ટમાં કે દરિયા કિનારે બીચ પર પણ જોવા મળ્યા. મોટાભાગના લોકો બાળકને સ્વતંત્ર રીતે વર્તન કરવા દેવામાં માને છે. નાના બાળકોને પણ રોકટોક ખૂબ જ ઓછા પ્રમાણમાં કરે છે. સંયુક્ત કુટુંબમાં નહીં રહેતા હોવાને કારણે પોતાના શરીરને સશક્ત રાખવા માંગતા લોકો દરિયા કિનારે ચાલવા કે દોડવા આવે ત્યારે પોતાના બાળકને સાથે લઇને બાળકને નાની સાયકલ પરના ઘોડિયામાં રાખીને-સાચવીને પોતાનું કામ કરતા હોય છે. તેઓ બાળકને સું સારું કે ખોટું તે પ્રત્યે એકાદ બે વાર ધ્યાન દોરે છે, પછી બાળકને જે કરવું હોય તે કરવા દે છે. જેથી બાળક પોતાના અનુભવને આધારે શીખે. ટૂંકમાં અહીં માબાપની બાળકો પ્રત્યે કચકચ ખૂબ જ ઓછી હોય છે. બાળકને સારી શાળામાં પ્રવેશ અપાવવો, રમતગમત કે અન્ય પ્રવૃત્તિમાં જોતરવો કે તેના શારીરિક માનસિક વિકાસ માટે પૂરતી સગવડતા ઊભી કરવામાં ભારતીય વાલી કરતાં અહીંના વાલીઓમાં વધુ સજાગતા જોવા મળી. સિક્કાની બીજીબાજુ એ પણ જોવા મળી કે, બહેનો સિગારેટ અને માદક પીણાંઓ પીવામાં પરુષની સમોવડી જ છે. દારૂ પી ને સંતુલન સાથે નહીં ચાલી શકવાની બીક ને કારણે ઊંચી હિલ સાથેના ચંપલ હાથમાં લઇને ચાલતી બહેનોને પણ જોઇ.

અંતે આંકને ભીની કરે તેવી એક વાત. અહીં મેલબર્નમાં જ આંતરાષ્ટ્રય બેન્કમાં કામ કરતી એક સગર્ભા યુવતિએ મારી પુત્રી સાથે વાત કરતાં જણાવેલ કે, આપણે આપણી મા સાથે ક્યારેક ખરાબ વર્તન કરીએ છીએ તે ન કરવું જોઇએ. “મા” કોણ છે અને તેને પોતાના બાળકને માટે શું કર્યું હોય છે તે તો સગર્ભા બનેલ સ્ત્રી જ સારી રીતે સમજી અને અનુભવી શકે. આ શબ્દો એક ઓસ્ટ્રેલિયન યુવતિના હતા. જે બતાવે છે કે, જુદા જુદા દેશની સ્ત્રીના સંસ્કાર વર્તન જુદા જુદા હોઇ શકે, પણ દુનિયાના કોઇપણ દેશની “મા” ના વિચારો વર્તનો તો સમાન જ હોય છે. એક સમાચાર વાંચ્યા જે સમાચારે મન-દિલને ઝંઝોળી નાંખ્યું. જે કોઇ દેશની નહીં પણ એક “મા” સમાચારપત્રમાં વાંચેલ બનેલી હ્રદય દ્રાવક ઘટના..... જે માટે દરેક દેશ દરેક વ્યક્તિએ આજે નહીં તો કાલે પણ વિચારવું જ પડશે. સમાચાર આવા હતા, એક ઓસ્ટ્રેલિયન સ્ત્રીને આઠ માસનો ગર્ભ હતો. એક ભારતીય તેની કારને અકસ્માત કરીને નાસી ગયો. પેલી સ્ત્રીના પટેમાં ઉછરતું બાળક મૃત્યું પામ્યું. કોર્ટમાં કેસ ચાલ્યો. કોર્ટે પેલા ભારતીયને કાર અયોગ્ય રીતે ચલાવવા માટે સામાન્ય ગૂનો ગણીને સામાન્ય સજા ફરમાવી. પણ પેલી સ્ત્રીના ગર્ભમાં ઉછરતા બાળકના મૃત્યુ માટે જવાબદાર ન ગણ્યો. કોર્ટની દલીલ હતી કે, ગર્ભમાં ઉછરતા બાળકને વ્યક્તિ તરીકે ન ગણાય. જો તે માટે ગૂનો નક્કી કરવામાં આવે તો ગર્ભપાત કરાવનાર દરેક સ્ત્રી-વ્યક્તિ ગૂનેગાર ઠરે. અહીં કોર્ટે કાયદા પ્રમાણે ન્યાય કર્યો. ત્યારે પ્રશ્ન એ ઊભો થાય છે કે, આઠ માસ સુધી પોતાના ગર્ભમાં બાળકનો ઉછેર કરનાર “મા” પર આ નિર્ણયથી શું વિત્યું હશે? અકસ્માતે પણ પોતાના બાળકને ગુમાવનાર “મા”નો શું વાંક? આ બનાવ કોઇ દેશનો નહીં પણ એક “મા” સાથે બનેલ દુર્ઘટનાનો છે. જે માટે દરેક દેશે કશુંક વિચારવું પડશે.